# કવીતા

—સરયુ પરીખ

## .1.

### આત્મહંસ

આત્મ–હંસની અનેરી આ ઉન્નત ઉડાન,
ના સત્ય કે અસત્ય, સહજ આનંદ ઉજાસ.
શુભ્ર માનસમાં છાયે પેલું નીલું આકાશ,
હું જાણું, મનઃશાંતી મારા અંતરની પાસ.
દેવ સુરજને અણસારે જાગૃત સભાન,
શ્વેત હંસ ધીરે ફફડાવે, વીસ્તારે પાંખ.
ભરે શ્રદ્ધાથી ફાળ થનક નર્તન ને ગાન,
તેજ આશા કીરણ ચમક આંજે રે આંખ.
એની આગવી અદાથી હંસ અર્પે છે શ્લોક,
એની પાંખો  ફેલાવી  આલીંગે  અવલોક.
પ્રાર્થના સમર્પણ કૃપા શક્તીનો કોષ,
ના સમય તણી રેખા, અલૌકીક આગોશ.
આ ક્ષણમાં જે જીવ્યા તે એ જ અમરકાળ,
ના ભુત કે ભવીષ્ય, આ પળ, અનંતકાળ.

## .2.

### પ્રમાણ

એક રજકણ હું, શીખર સર કરી શકી!
પવન પાંખે પછડાતી, વીખરાતી ને તોય,
સુરજ સાખે હું ગગને સરી શકી!
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.
સુખ આસનને એક કોર ઠેલી,
નર્મ ફુલોની સેજને સંકેલી,

તોડી પીંજર ને સ્વૈરીતા બની શકી!
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.
મારે જાણવી'તી ગુહ્ય–ગહન વાત,
તૃષીત ચાતકને બુંદોની પ્યાસ.
જ્ઞાન–વર્ષા ગુરુની ઝીલી શકી,
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.
ધર્મ-કર્મ વળી સ્વજનોનો સાથ,
ચીત્તશાન્તી ઉલ્લાસ ને વીશ્વાસ.
તૃપ્ત અંતર એકાંતમાં હસી શકી,
એ મારી સફળતાનું આગવું પ્રમાણ.

## .3.

## ઉર્મીલ સંચાર

આવી એક ચીઠ્ઠી, મેં મોતીએ વધાવી,
લીટીના લખાણે મેં આરસી મઢાવી.
જત કાગળ લઈ લખવાને બેઠી,
મારી યાદોને અક્ષરમાં ગોઠવી.
આજ અવનીને સાગરની રાહ,
લહેર આવે, આવે ને ફરી જાય.
રુપ ચાંદનીને આમંત્રી બેઠી,
મારી યાદોને રેતીમાં ગોઠવી.
મારી ધડકનને પગરવની જાણ,
નહીં ઉથાપે એ મીઠેરી આણ.
કુંણા કાળજામાં હઠ લઈને બેઠી,
મારી યાદોને નયણામાં ગોઠવી.
સુના સરવરમાં ઉર્મીલ સંચાર,
કાંઠે કેસુડાનો ટીખળી અણસાર.
ખર્યાં ફુલોને લઈને હું બેઠી
મારી યાદોને વેણીમાં ગોઠવી.

મારા કેશ તારા હાથની કુમાશ,
ઝીણી આછેરી ટીલડીની આશ.
શુભ સ્વસ્તીક ને કંકુ લઈ બેઠી
મારી યાદોને આરતીમાં ગોઠવી.

## .4.

### એક વેંત ઉંચી

અસુખ અડકે ના મારે અંતરે.
જીવન ઝંઝાળ-જાળ જગત રે,
ઉડતી રહું એક વેંત ઉંચી કે,
નીચે સમયની સરતી સેર રે.
સરખા ઉજાસ મારે આંગણે,
નહીં રે પડછાયા મારી પાંપણે,
પહેલાં આપીને લીધું આપણે,
છોડીને સ્વાર્થ દહર બારણે.
વટને વેર્યું રે ઉભી વાટમાં,
સદ્‌ભાવે હળીમળી વાસમાં,
ઈશના અનેક રુપ રાસમાં,
એક એક શ્વાસ એના પ્રાસમાં.
ક્ષણ ક્ષણનાં સ્પંદનો સુગંધમાં,
નવલ નવાં સર્જન શર બુંદમાં.
છો, પહેરી ઓઢી ફરું વૃંદમાં,
એકલી મલપતી મનોકુંજમાં

## .5.

### નીમીત્તમાત્ર

કર્યાં કર્મોને ટેરવે ગણાવે,
કરી મદદોને માનદ મનાવે,
તો મુલ્ય તેનું શુન્ય બની જાય.

ઉપકારોની આરતી ઘુમાવે,
આપ મોહરાંની મુરત બેસાડે,
તો મુલ્ય તેનું શુન્ય બની જાય.
હું હુલામણાને હરખે પોંખાવે,
ને ફરી ફરી ફાલકે ચડાવે,
તો મુલ્ય તેનું શુન્ય બની જાય.
તેની કરુણા, ને હું એક સાધન,
સર્વ સેવામાં સહજતાનું સૌજ્ઞન,
તો શુન્ય પણ અમુલ્ય બની જાય.
ઘણાં જન્મ, વંશ, અંશના સુપાત્ર,
ભાગ્યયોગે દેવત્વ નીમીત્તમાત્ર,
શુભ કાર્ય તે અતુલ્ય કરી જાય.

## .6.

### કલ્પના અને હકીકત

આવે મદમાતી મારા સપનાની રાણી,
માને કહેલું, મારી લાગણીઓ જાણી;
હાથ જ્યારે માંગુ, ઉમંગે આપતી,
સાથ જ્યારે ચાહું, સંગાથે ચાલતી...
દીવાના તેજ સમી ઓરડો ઉજાળતી,
હૈયું મીલાવી મારી આરતી ઉતારતી;
ફુલોનો હીંચકો ને પાપણ પલકારતી,
તીરછી નજરથી એ મુજને ઝુલાવતી...
ચોતરફ તારલા ને ઝરમરતી ચાંદની,
મંજુલ મધુર વાત રુમઝુમતી રાતની;
મેઘધનુષ રંગોના મનરથનો સારથી.
હોંશે બીરાજે મારી મોહીની માનથી...

મનમોજે રાચું રુડી કલ્પનની ક્યારી,
રકઝક ના કોઈ, મારું ધાર્યું કરનારી;
મનગમતી વાર્તામાં, મનહરતી નારી,
હકીકતની છોરીથી સાવ જ એ ન્યારી.

## .7.

### સ્વપ્નાંનો સાયબો

મારી કલમ અને કલ્પનાની સ્યાહી,
મારી મરજી પેઠે ચાલે કહાણી.
વાંસળી વગાડી મને પ્રીયતમ બોલાવે,
જો હું ના માનું, મને અવનવ  મનાવે.
લલીત લતા ઝુલે હળવે હીંચોળે,
માધુરી માળા મારા કેશમાં પરોવે...
મારી કલાને એ હરદમ વખાણે,
થોડું કરું તોયે બહુ કર્યું માને;
મુજને શું ગમશે તે વણબોલે જાણે,
આપે અચંભો મને રુચતું લઈ આણે...
મારા એક આંસુની કીંમત પીછાણે,
મીઠું હસીને વળી માફી એ માગે;
સપનાનો સાયબો મીતભાષી પ્યારો,
હકીકતના છોરાથી સાવ જ એ ન્યારો...

## .8.

### સદા વહેતી

ઉજમ નીરને નીહાળું એક ધ્યાન,
વચ્ચે છલછલ નીર્ઝરતી છલકાર;
સદા વહેતી નદીની આ વાત...

જીવન માયામાં ભ્રામક વીશ્વાસ,
વળી અકળાવે અસ્થીર આ શ્વાસ;
સદા વહેતા સંબંધોની વાત...
મારા સુખનાં સોણાંનો આ લોક,
ભુલભુલૈયામાં ભમતો આલોક;
સદા વહેતા સમયની આ વાત...
દીલ ધડકન ને નવનવ એ હેત,
છબી ફરતી જ્યમ સરતી રે રેત,
સદા વહેતા સ્પંદનની આ વાત...
છુપી અંતરમાં દીવ્યતા અપાર,
તેજપુંજ ઝીણી રેખાને પાર,
સદા વહેતી ઉર્જાની આ વાત...

## .9.

### કુંપળ

કરમાતી વાસંતી વેલ, હાય! મારી ધીરજ ખુટી.
જીવન ને મૃત્યુના ઝોલામાં, હાશ! આજ કુંપળ ફુટી.
ઓચીંતા એક દીન દીઠી, ને મરડીને યાદ મીઠી ઉઠી,
વાવેલી બાપુએ જતનથી, ને વીરાએ નીરથી સીંચેલી.
કોમળ કલાઈથી ઝુલાવી, ફુલોહું વીણતી ગુલાબી,
અદકા આનંદથી ગુંથેલી, તરસુ પળ પામવા વીતેલી.
કાળજી કરીને એને કાપી,
એક ભાવેણી ભગીનીએ આપી.
વાવી, વીલસી, પણ શીશીરે સતાવી,
મુંજાતી શરમાતી જાય એ સુકાતી.
પણ આજ,
પ્રીતમના મોંઘેરા વેણ સમી,
હાશ! નવી કુંપળ ફુટી.

## .10.

### મધુમાલતી ને હું

મધુમાલતી મહોરી મારા આંગણામાં આજ,
એના મસ્તાના રંગ ભરે મૈયરની યાદ.
કંઈ વર્ષો પહેલાની સવાર એ હતી,
ત્યાં એકલી અટુલી ગુલતાન હું હતી.

લીલી ચાદરમાં બેઠી ચુપચાપ એ કળી,
એને જલ્દી ખીલવાની ના ઝંખના હતી.
સમીર લ્હેરખી કહીંથી એને સ્પર્શી ગઈ,
એના બહેકાવે હળુ હળુ ખીલતી ગઈ.

સહજ શૃંગારે ફુલગુલાબી શોભતી રહી,
કળી શ્વેત ને ગુલાબી મીઠું મલકી રહી.
લાલ ચુંદડી ઓઢીને રમણ રમતી રહી.
ઘેરા લાલ ચટક રંગમાં એ હસતી રહી.

એવી મધુમાલતી મગન ઝુલી ફરી,
પ્રથમ શ્વેત ને ગુલાબી પછી લાલી ભરી.
હવે ધીમે ધીમે લાલ રંગ તજતી હતી,
સૌમ્ય સંધ્યાના રંગોમાં ભળતી હતી.

## .11.

### અનુતાપ

સપ્તપદીની વેદી ઝળહળ તું ત્યાં ફેરા ફરતો,
નવજીવનની વચન ઉક્તીઓ કોની સાથે કરતો.
સાક્ષી થઈને, અહીંયાં બેસી, આપું મુંગાં વચનો,
શબ્દહીન પડઘા હૈયાના, કેમ નથી સાંભળતો?

હજીય ગુંજે દ્વાર ટકોરા, પ્રીત તણા ભણકારા,
સાથ હાથમાં દીલ લાવેલો, સ્વપ્નાંના અણસારા.
અરમાનોના અમી છાંટણાં, ક્ષુબ્ધ બની મેં ઠેલ્યાં,
જતો જોઈ ના રોક્યો પ્રેમે, અધરો મેં ના ખોલ્યા.
સાત સાત પગલાંઓ સાથે દુર દુર તું જાયે,
ભરી સભામાં આજે મારી રુહમાં ગહન સમાયે.
અછડતી તુજ નજર ફરીને ક્ષણભર તો રોકાયે,
પસ્તાવાના ખંજન પર અંગત ગંઠન બંધાયે.
મંગલમય આ મહેરામણમાં એકલવાયું લાગે,
હીબકાં ભરતું મનડું મારું, તારી સંગત માંગે.

## .12.

### રંગીલી કમાન

વાદળ પાછળ ચાંદ છુપાયો, પત્તા પાછળ ડાળ,
રીસ ભરેલા ચહેરા પાછળ નયણાં બે પ્રેમાળ.
અનેક ભાવ ભરેલું અંતર, અણજાણ્યા ઘુઘવાટ,
દરીયા કરતાં વીશાળ એમાં ઉમટે વમળ વીરાટ.
ઘડી ગોઠવી મગજ બનાવ્યું, અપાર વાંક–વળાંક,
કવીતાની સરવાણી સાથે ગણતું દુષ્કર આંક.
હાથ લંબાવી જાઉં પકડવા, રુપ છુપાયું પાર,
એક બાજુ જે કાચ બતાવે બીજી તરફ આભાસ.
રમતું અમથું એક ટીપું ને સુર્ય કીરણની શાન,
અચરજ! તેમાં મેઘધનુની રંગીલી કમાન.
સહજ સુકેલા બીજ જોઈને ફેંકે સમજી વ્યર્થ,
દશ્ય દેખીને તથ્ય તારવે, સત્ય ન હો એ અર્થ.

સરયુ પરીખ

સરયુ પરીખનાં પ્રકાશીત પુસ્તકો:

1. 'નીતરતી સાંજ Essence of eve'

2. 'આંસુમાં સ્મીત Smile in Tears'

(ગુજરાતી અને અંગ્રેજીમાં કાવ્યો, સત્યકથાઓ અને દીલીપ પરીખનાં ચીત્રો.)

3. 'Moist Petals' 4. 'Flutter of Wings' Poetic novels in English

5. 'મંત્ર' કાવ્યસંગ્રહ (થોડા જ સમયમાં પ્રકાશીત થશે.)

સર્જકસમ્પર્ક :

Mrs. Saryu Parikh,

13221 Mesa Verde Dr., Austin, Texas-78737-USA

eMail : saryuparikh@yahoo.com Blog : https://saryu.wordpress.com

Phone - 512-712-5170   Amazon.com : Saryu Parikh : Books

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : તેરમું – અંક : 400 – May 13, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: સુનીલ શાહ - sunilshah101@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,50,43,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 96,89,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,99,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 9,60,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@